# જાગે અંતર્બોધ

(વિપશ્યનાચાર્ય શ્રી સત્યનારાયણ ગોયન્કા લિખિત
હિન્દી પુસ્તક નો ગુજરાતી અનુવાદ)



**વિપશ્યનાચાર્ય શ્રી સત્યનારાયણ ગોયન્કા**

વિપશ્યના વિશોધન વિન્યાસ

# જાગે અંતર્બોધ

(વિપશ્યનાચાર્ય શ્રી સત્યનારાયણ ગોયન્કા લિખિત
હિન્દી પુસ્તક નો ગુજરાતી અનુવાદ)

**વિપશ્યનાચાર્ય શ્રી સત્યનારાયણ ગોયન્કા**

**વિપશ્યના વિશોધન વિન્યાસ**
**ધમ્મગિરિ, ઇગતપુરી**

# જાગે અંતર્બોધ

પુસ્તક કોડ: **G05**

© વિપશ્યના વિશોધન વિન્યાસ
સર્વાધિકાર સુરક્ષિત

પ્રથમ આવૃત્તિ: ઓક્ટોબર 2001
પુનર્મુદ્રણ: 2011, 2014, જાન્યુઆરી 2022,
દ્વિતીય આવૃત્તિ:  ડિસેમ્બર 2025

**મુલ્ય:**
**Price: Rs.**

ISBN 81-7414-225-8

**પ્રકાશક:**
**વિપશ્યના વિશોધન વિન્યાસ**
ધમ્મગિરિ, ઇગતપુરી – ૪૨૨ ૪૦૩
જિલ્લો – નાશિક, મહારાષ્ટ્ર
ફોન: [91] (2553) 244998, 243553, 244076, 244086,
8484834837, 8484837835,
8484839837, 8484831835
Email: vri_admin@vridhamma.org
Website: www.vridhamma.org

**મુદ્રક:**
**અપોલો પ્રિંટિંગ પ્રેસ**
૨૫૯, સીકોફ લિમિટેડ, ૬૯ એમ.આય.ડી.સી.,
સાતપુર, નાશિક – 422007, મહારાષ્ટ્ર

# જાગે અંતર્બોધ

## અનુક્રમણિકા

**પ્રકાશકીય ........ 5**
**ભૂમિકા ........ 7**
**શાક્યમુનિનો આવિર્ભાવ ........ 11**
૧. શાક્ય-રાજવંશ અને શાક્ય-સંવત ........ 13
૨. ધન્ય થઈ વૈશાખી પૂર્ણિમા ........ 16
3. સ્વપ્ન પૂરાં થયાં ........ 24
૪. બુદ્ધ-જયંતી ........ 31
**ધર્મચક્ર કથા ........ 35**
૧. સમ્યક્ સાધના ........ 37
૨. ધર્મચક્ર પ્રવર્તન ........ 44
3. મૂળ ઉપદેશ ........ 52
૪. લોકચક્ર : ધર્મચક્ર ........ 59
૫. चरथ भिक्खवे चारिकं ........ 64
**ધર્મ-દેશનાનો આધાર : સંવેદનાઓ ........ 69**
સંવેદના (1) - (11) ........ 71-114
**ઉદાન વચન ........ 115**
૧. આત્મ-નિરીક્ષણ ........ 117
2. કલ્યાણ-માર્ગ ........ 124
3. સાતત્ય ........ 132
૪. અધિષ્ઠાન ........ 139
5. આર્ય-મૌન ........ 147
6. સૂક્ષ્મ દર્શન ........ 156
7. નવું જીવન ........ 164
8. ઉત્તમ બ્રાહ્મણ ........ 167
9. સુખી-સુરક્ષિત -1 ........ 172
10. સુખી-સુરક્ષિત -2 ........ 179

**મુનિનું સાચું દર્શન ............ 183**

સાચું દર્શન ............ 185

કિસા ગોતમી............ 186

સંન્યાસી ઉપક............ 188

પાંચ સહયોગી ............ 190

રાજકુમાર રાહુલ............ 191

બ્રાહ્મણ માગન્દીય............ 193

અંધભક્ત વક્કલિ ............ 196

ગૃહકારક............ 198

**મુનિની સાચી વંદના ............ 201**

સાચી વંદના............ 203

બુદ્ધના ગુણ............ 203

પાંચ સહયોગી ............ 208

મહાપ્રજાપતી ગૌતમી............ 211

સયાજી ઉ બા ખિન ............ 217

શ્રેષ્ઠી અનાથપિંડિક ............ 218

મહાકવિ અશ્વઘોષ............ 220

ભિક્ષુણી ખેમા ............ 221

બ્રાહ્મણ મેત્તજિત............ 225

શાક્ય રાકુમાર ભગુ ............ 226

બ્રાહ્મણ સુગંધ ............ 228

ભિક્ષુ મહાપંથક............ 229

સંન્યાસી નદીકાશ્યપ............ 230

ભિક્ષુ જયંત............ 231

ભિક્ષુ ગોશાલ............ 232

બ્રાહ્મણ ઉજ્જય............ 232

સાધકની વંદના ............ 233

તથાગતનું સન્માન............ 234

**વિપશ્યના સાધના કેન્દ્ર............ 236**

# પ્રકાશકીય

'જાગે અંતર્બોધ'  શ્રદ્ધેય ગુરુજીના લેખોનું સંકલન છે : એક વિશેષ પ્રકારની દષ્ટિ સાથે સંપાદિત સંકલન, મોતીઓની જેમ વીણી વીણીને કોઈ વિશેષ પ્રયોજનથી પરોવાયેલું સંકલન. આ ગ્રંથ પૂર્વે 'જાગે મંગલ પ્રેરણા' નામથી છપાયેલો. લોકપ્રિય થયો અને સુજ્ઞ વાચકો દ્વારા વખાણાયો ને અપનાવાયો. પરંતુ ગુરુજી એના પર પુન: વિચાર કરતા રહ્યા. વીણી વીણીને મોતીઓને પરોવવા અને આ પાવનગ્રંથને હજી પણ વધુ અનુપમ બનાવવાને માટે ચિંતન-મનન કરતા રહ્યા. અમને પ્રસન્નતા થાય છે કે હવે અમે તેને પુન: સંપાદિત, સંવર્ધિત અને સુશોભિત રૂપે બે ભાગમાં વિભક્ત કરીને નવાં નામોથી પ્રકાશિત કરી રહ્યા છીએ.

બીજા ગ્રંથનું નામ 'જાગે પાવન પ્રેરણા' રાખ્યું છે. આ બંને ગ્રંથ વાસ્તવમાં એક લાંબી શોધ અને સાધના-યાત્રાનાં શબ્દ-ચિત્ર છે : જીવન-યાત્રાનાં શબ્દ-ચિત્ર, અન્વેષણ-યાત્રાનાં શબ્દ-ચિત્ર, સાધના-યાત્રાનાં શબ્દચિત્ર અને લોક-મંગલને સમર્પિત એક અનંત કરુણા ભરી વિચાર-ધારાનાં શબ્દ-ચિત્ર. પૂજ્ય ગુરુજીએ ભગવાન બુદ્ધના જીવનને એટલું નજીકથી જોયેલું પ્રતીત થાય છે કે આ શબ્દ-ચિત્ર ઈતિહાસ કે અતીત નથી લાગતાં. એમની જીવંતતામાં ભગવાન બુદ્ધની કરુણાભરી મંગલમૈત્રી સ્પંદિત થતી દેખાય છે. એમનું શિક્ષક-રૂપ સાક્ષાત્ સામે ઊભેલું ચિત્તના વિકારને હરી લેતું દેખાય છે.

'વિપશ્યના વિશોધન વિન્યાસ' નું એ ગૌરવ છે કે અમે આટલાં સુવિચારિત, સુભાષિત અને સુરુચિપૂર્ણ પુસ્તકોનું પ્રકાશન કરી શકીએ છીએ. અમને વિશ્વાસ છે કે આ ગ્રંથ જ્યાં એક બાજુ વિપશ્યી સાધકોને

સાધના સંબંધી વિચારધારાઓનો સહજ પરિચય કરાવશે તો સામાન્ય વાચકોને પોતાની રોચક ને સરળ ભાષામાં ભગવાન બુદ્ધનાં જીવન અને સાધનાની સેંકડો ઝલક પણ દેખાડશે.

અમને વિશ્વાસ છે કે સુજ્ઞ વાચકો આ ગ્રંથ-દ્વયનું એ જ સ્નેહથી સ્વાગત કરશે જે અમને પૂર્વે પણ મળતો રહ્યો છે. સહુને માટે મંગલ-મૈત્રી !

માનદ-મંત્રી
વિપશ્યના વિશોધન વિન્યાસ

# ભૂમિકા

બોધિસત્વ સિદ્ધાર્થ ગૌતમ પાંત્રીસ વર્ષની અવસ્થામાં સમ્યક્ સંબુદ્ધ બન્યા. એમને પરમસત્ય નિર્વાણનો સાક્ષાત્કાર થયો. એમણે એ સત્યનું દર્શન કર્યું કે હું ભવચક્રથી નિતાંત વિમુક્ત થયો. હવે મારો પુનર્જન્મ નથી.

ત્યારબાદ સાત અઠવાડિયાં બોધિવૃક્ષની આજુબાજુ વિમુક્તિ સુખમાં વિતાવ્યાં અને પોતાના અનુભવ પર ઊતરેલાં નૈસર્ગિક સત્યોનું અવલોકન કરતા રહ્યા કે કઈ રીતે પોતાની જ નાસમજના કારણે પ્રાણી નરકલોકથી ભવાગ્ર બ્રહ્મલોકની વચ્ચે જન્મ-જન્માન્તરો સુધી ભવ-ભ્રમણ કરતું રહે છે, વિપશ્યના-વિદ્યા દ્વારા પોતાની જ અંદર આ ભવચક્રનો સાક્ષાત્કાર કરતું કરતું તેનાથી મુક્તિ મેળવી લે છે, આ જીવનમાં જ નિત્ય, શાશ્વત, ધ્રુવ પરમપદનો સાક્ષાત્કાર કરી લે છે. વિપશ્યનાની આ વિદ્યાએ મને વિમુક્ત કર્યો. તેને જે શીખી લેશે તે સૌ અભ્યાસ કરતાં કરતાં વહેલાં-મોડાં ભવદુ:ખથી વિમુક્ત થઈ જ જશે. આ વિદ્યા અત્યંત સરળ, સ્વચ્છ અને સ્પષ્ટ છે તો પણ પોત-પોતાની સાંપ્રદાયિક માન્યતાઓ અને કર્મકાંડોની જંજાળોમાં અટવાયેલા લોકો તેને સમજવા જ નહિ ઈચ્છે, તો તેને અજમાવી જોવાની વાત તો બહુ દૂર રહી ! કેટલાક સમય સુધી આ ચિંતન ચાલ્યું. પછી તેઓની અંદર અનંત કરુણાનું ઝરણું ફૂટી નીકળ્યુ. અરે, કેટલાક લોકો તો સંસારમાં એવા છે જ, જેમની આંખો પર મિથ્યા દાર્શનિક માન્યતાઓનાં જાળાં બહુ ઝીણાં છે ! તેઓ જાળાંઓને દૂર કરીને આ વિદ્યા દ્વારા નૈસર્ગિક સત્યનું યથાભૂત દર્શન કરી અવશ્ય પોતાનું કલ્યાણ કરી લેશે. જેટલાંનું હિત-સુખ સધાય એટલું તો તરસી ધરતી પર કરુણાનું મેઘ-જળ વરસવું જ જોઈએ. તરસી ધરતી પર ધર્મગંગા વહેવી જ જોઈએ. જે બહુ જ ફળદ્રુપ હશે, તે એનાથી તત્કાળ લાભાન્વિત થઈ જશે. જે વેરાન (બિન ઉપજાઉ) હશે તે એ તત્કાળ લાભથી વંચિત રહી જશે, પણ ધર્મગંગા તો વહેવી જ જોઈએ.

અને ધર્મગંગા વહેવા લાગી. જીવનનાં બાકીનાં પિસ્તાળીસ વર્ષ આ ધર્મગંગાને પ્રવાહિત કરવામાં જ વિતાવી દીધા. સત્યની શોધ દરમ્યાન નિતાંત નિવૃત્તિમાન થયેલ તેઓ હવે પૂર્ણતા પ્રાપ્ત કરી અસીમ પ્રવૃત્તિમાં લાગી ગયા. અહર્નિશ પ્રવૃત્તિ જ પ્રવૃત્તિ. રાત્રે લગભગ એક પહોર શરીરને વિશ્રામ આપવા માટે સૂઈ જતા. બાકી બધો સમય અસીમ કરુણાથી લોકસેવા ને લોકસેવામાં જ ગાળતા રહ્યા. આ સેવાના બદલામાં કંઈ મેળવવાની ભાવના નહોતી. જેને અનુત્તર વિમુક્ત અવસ્થા પ્રાપ્ત થઈ ગઈ હોય, તેમને હવે મેળવવા માટે બીજું શું રહી ગયું હોય ! હવે તો માત્ર વહેંચવાનું જ હતું અને જીવનભર છુટ્ટા હાથથી, કરુણ ચિત્તથી બસ વહેંચતા જ રહ્યા.

જે વ્યક્તિની જેવી પૃષ્ઠભૂમિ જોઈ, જેનું જેવું માનસિક ધરાતલ જોયું, જેની જેટલી ગ્રહણશીલતા જોઈ તેને તેની શક્તિને અનુરૂપ જ ઉચિત શબ્દાવલીમાં, ઉપમાઓ અને ઉદાહરણો આપી, સરળ-સરળ લોકભાષામાં ધર્મ સમજાવ્યો. સાંપ્રદાયિક ધર્મ નહીં, સાર્વજનિક ધર્મ એટલે ઋતધર્મ, નૈસર્ગિક નિયમોની સીધી સીધી સાર્વજનિક વાતો– જેવી કે આ કારણ હશે તો આ પરિણામ આવશે જ, આ કારણ નહીં હોય તો આ પરિણામ પણ નહીં આવે. મનમાં વિકાર જાગશે તો તેની સાથે દુ:ખ જાગશે જ. વિકાર જેટલો જેટલો વધશે, દુ:ખ તેટલું જ વધતું જશે. વિકાર જાગવો બંધ થઈ જશે તો દુ:ખ આપમેળે બંધ થઈ જશે. નિસર્ગનો આ છે સાર્વજનિક, સાર્વદેશીય, સાર્વકાલિક નિયમ. આ જ નિયમને સ્વાનુભૂતિ દ્વારા જાણીને માનસનાં મૂળ સુધી વિકાર-વિમુક્ત થવાની વિપશ્યના-વિધિ શિખવાડી. પિસ્તાળીસ વર્ષો સુધી આ જ શિખવાડતા રહ્યા. દુ:ખ સાર્વજનિક છે અને દુ:ખની બહાર નીકળવાનો આ ઉપાય (વિપશ્યના) સાર્વજનિક છે.

પ્રત્યેક વર્ષાવાસના ત્રણ-ચાર મહીના કોઈ એક સ્થાન પર વિહાર કરતા. ઘણું કરીને શ્રાવસ્તી અથવા રાજગૃહ જેવાં ગીચ વસ્તીવાળાં નગરોની નજીક બનાવેલા વિહારોમાં રહેતા, જેથી નગરના વધુમાં વધુ લોકો આ માંગલિક વિદ્યાને શીખીને લાભાન્વિત થઈ શકે. વર્ષાવાસ પછી

બાકીનો બધો સમય ઉત્તર ભારતના ગામે-ગામ, કસબા અને નગર-નગરમાં ધર્મચારિકા કરતા રહી લોકસેવા કરતા અને લાખો-કરોડો લોકોને વિકાર-વિમુક્તિની વિપશ્યના-વિધિનો સંદેશ આપતા અને તેનું ઉચિત માર્ગદર્શન આપતા.

દેશના દરેક સંપ્રદાયના, દરેક માન્યતાના, દરેક જાતિ, વર્ગ ને વર્ણના, દરેક ધંધાના, દરેક પ્રદેશના લોકો ભગવાનના સંપર્કમાં આવ્યા અને તેમના બતાવેલા માર્ગ પર ચાલીને મંગલ-લાભી થયા. એ જ જીવનમાં લાભાન્વિત થયા !

ભલે મગધનરેશ બિમ્બિસાર હોય કે કોશલનરેશ પ્રસેનજિત, મહારાણી મલ્લિકા હોય કે મહારાણી ખેમા, સેનાપતિ બંધુલ હોય કે સેનાપતિ સિંહ, રાજપુરોહિત કાત્યાયન હોય કે રાજવૈદ્ય જીવક, દાનવીર સદ્ગૃહસ્થ અનાથપિંડક હોય કે ભિખારી કોઢી સુપ્પબુદ્ધ, રાજમહિષી શ્યામાવતી હોય કે દાસી ખુજ્જુત્તરા, સંન્યાસી જટિલ કાશ્યપબંધુ હોય કે પરિવ્રાજક દારુચીરિય, સદ્ગૃહિણી વિશાખા હોય કે નગરવધૂ આમ્રપાલી, મહાકાશ્યપ હોય કે ભંગી સુનીત, બ્રાહ્મણ સારિપુત્ર હોય કે ચંડાળપુત્ર સોપાક, સદાચારી સીલવ હોય કે હત્યારો અંગુલિમાલ, જે પણ ભગવાન બુદ્ધના સંપર્કમાં આવ્યો; જેણે પણ ધર્મગંગામાં ડૂબકી મારી; વિપશ્યના-સાધનાનો અભ્યાસ કર્યો; તે બદલાઈ ગયો.

પિસ્તાળીસ વર્ષો સુધી ભગવાને હજારો સદ્ઉપદેશ આપ્યા. તેમના નિર્વાણના થોડા મહિનાઓ પછી જ તેમના પાંચસો પ્રમુખ ભિક્ષુ શિષ્યોની સંગાયન સમિતિએ ભાવી પેઢીઓના લાભાર્થે આ ઉપદેશોનું સંકલન-સંપાદન કર્યું, જે ત્રિપિટકના નામે જાણીતું થયું, કેટલાક સમય પછી તેના પર ભાષ્ય (અર્થકથાઓ) અને ટીકાઓ લખવામાં આવી. આ સંપૂર્ણ સાહિત્ય બહુ વિશાળ છે. ભારતે જો કે તેને ખોઈ નાખ્યું, પણ પડોશી બ્રહ્મદેશે (મ્યાનમાર) કલ્યાણી વિપશ્યના-વિદ્યાની સાથે સાથે આ વિશાળ વાઙ્મયને પણ શુદ્ધ રૂપમાં સુરક્ષિત રાખ્યું છે.

આ સંગાયન સમિતિએ ભગવાનના ઉપદેશોને સંપાદિત કરીને તેમાંના

અનેકના સંદર્ભ પણ સંકલિત કર્યા, એટલે કે અમુક ઉપદેશ ક્યારે, કોને, કેમ અને કેવી પરિસ્થિતિ-પરિવેશમાં આપવામાં આવ્યો હતો. ઉપદેશોની આ ભૂમિકાઓ આ સાક્ષી ભિક્ષુઓ દ્વારા સંકલિત કરેલી હોવાને કારણે ઐતિહાસિક મહત્ત્વ રાખે છે. આ સમસ્ત સાહિત્ય હવે પાલી ભાષામાં, બર્મી લિપિમાં ઉપલબ્ધ છે. જ્યારે એ નાગરી લિપિ અને હિન્દી ભાષામાં પ્રકાશિત થશે ત્યારે દેશની એક વિલુપ્ત અણમોલ સંપદા પ્રકાશમાં આવશે અને આ વિશાળ સાહિત્યમાં તત્કાલીન ભારતની ધાર્મિક, સાંસ્કૃતિક, રાજનૈતિક, પ્રશાસનિક, શૈક્ષણિક, વ્યાપારિક, સામાજિક, પારિવારિક પરિસ્થિતિઓનું આંખો દેખ્યું એક બૃહદ્ રંગીન ચિત્રપટ પ્રસ્તુત થશે. જો કે આ સંકલનનો એ રંચમાત્ર પણ ઉદ્દેશ્ય ન હતો કે તે સમયનું ઐતિહાસિક વૃત્તાંતનું સંપાદન કરવામાં આવે. ઉદ્દેશ્ય તો કેવળ એ જ હતો કે પ્રત્યેક ભૂમિકા તત્ સંબંધિત ઉપદેશના આશયને અધિક સ્પષ્ટ કરે અને આધ્યાત્મિક પ્રેરણા પ્રદાન કરવામાં સહાયક બને. આ જ કારણે સાર્વજનિક અને સાર્વકાલિક સનાતન ધર્મ પર આધારિત આ સાહિત્ય આજે પણ એટલું જ તાજું અને પ્રેરણાસ્પદ છે.

એવી કેટલીક ઘટનાઓ આ લેખોમાં પ્રકાશિત થઈ છે જે વિપશ્યી સાધકોને જ નહીં, સહુ અધ્યાત્મ-પ્રેમીઓને પ્રેરણા પ્રદાન કરશે. વિપશ્યના-સાધના સાર્વજનિક છે. તેના પર કોઈ પણ સંપ્રદાયનું પ્રભુત્વ નથી. એ સહુને માટે સમાનરૂપે ઉપાદેય છે, સમાનરૂપે સુલભ છે.

આ પ્રકાશન બહુજનના હિતસુખનું કારણ બને, લોકોમાં સાધના પ્રત્યે પ્રેરણા જાગે અને તેઓ તેનો અભ્યાસ કરીને દુઃખથી વિમુક્તિ મેળવી લે ! સહુનું મંગલ થાઓ ! કલ્યાણ થાઓ !

કલ્યાણ મિત્ર,

**સ. ના. ગો.**